**મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે તા.૨૯/૦૧/૨૦૨૪ ના રોજ "મરી મસાલા શાકભાજી પાકો: વૈજ્ઞાનિક અભિગમ "  ઉપર એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો**

---

માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયા સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ધ્વારા " **મરી મસાલા શાકભાજી પાકો: વૈજ્ઞાનિક અભિગમ**" વિષય પર એક દિવસીય ખેડૂત તાલીમ **તા. ૨૯/૦૧/૨૦૨૪** ના રોજ **મીશન ફોર ઈન્ટીગ્રેટેડ ડેવલપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર યોજના** અંતર્ગત યોજેલ. ડૉ. એમ. કે. ઝાલા સાહેબ, સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ આવા તાલીમો **કાર્યક્રમો** દ્વારા **મરી મસાલા શાકભાજી પાકોનો વ્યાપ વધારવા** વૈજ્ઞાનિકો તેમજ ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા. આ તાલીમમાં કુલ સો જેટલા ખેડૂતોએ ભાગ લીધો. આ પ્રસંગે મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના યુનિટ અધિકારી અને સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી) ડૉ. આર. આર. આચાર્ય ધ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહેમાનોને તેમજ ખેડૂતોને આવકાર્યા અને જુદા જુદા શાકભાજી પાકોની સંશોધીત જાતો વિષે વિગતવાર માહિતી આપી. આ તાલીમ કાર્યક્રમના મુખ્ય અતિથિ ડૉ. એસ. એન.શાહ, સહ સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ હાજર રહી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ધ્વારા  શિક્ષણ અને સંશોધન માટે ચાલતા વિવિધ અભ્યાસ તેમજ તાલીમ કાર્યક્રમની મહત્તા અને ઉપયોગીતાની સમજણ તેમજ વધુને વધુ કૃષિ સંસ્થાનો સાથે સંકાળયેલ રહેવા પ્રોત્સાહિત કર્યા. અતિથિ વિશેષ તરીકે ડૉ. એ. એસ. ભાણવડીયા, સંશોધન વૈજ્ઞાનિક અને નોડલ અધિકારી(બીજ), અનુભવ સીડસ ધ્વારા ખેડૂતોને સંશોધીત જાતોના બિયારણના માધ્યમથી પાકોને રોગ-જીવાતો સામે સુરક્ષીતા બક્ષી મહતમ ઉત્પાદન  મેળવવા સંકર/સુધારેલ બિયારણનો ઉપયોગ પર ભાર આપવા જણાવ્યુ.

આ કાર્યક્રમમાં નિષ્ણાંતો ધ્વારા વિવિધ વિષયો પર વકતવ્ય આપી ખેડૂતોને મરી મસાલા શાકભાજી પાકોની ખેતી કરવામાં આવતી સમસ્યા અને તેનું નિરાકરણ વિશે પધ્ધતિસર વિગતવાર માર્ગદર્શન પુરુ પાડેલ. જેમાં ડૉ. એમ. એમ. પંડયા ધ્વારા ડુંગળી-લસણની આધુનિક ખેતી પધ્ધતિ, શ્રી કે. જે. વેકરીયા ધ્વારા આદુ અને હળદરની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ, ડૉ. એન. એ. પટેલ ધ્વારા મરચીની ખેતીમાં નુતન અભિગમ પર માર્ગદર્શન આપ્યું હતું  તેમજ ડૉ. સી. કે. બોરડ ધ્વારા શાકભાજી પાકોમાં આવતી વિવિધ જીવાતોની ઓળખ તથા તેના નિયંત્રણ વિશે વિસ્તૃત માહિતી આપેલ. શ્રી વિમિત પટેલ, હર્ષ પટેલ, ડૉ. વિપુલ કાપડીયા, ડૉ. પાર્થ રહેવર અને ડૉ. ઉજ્જ્વલ પટેલ ધ્વારા ખેડૂતોને ક્ષેત્ર પ્રદર્શન દરમ્યાન સંશોધન ફાર્મની મુલાકાત કરાવેલ તથા આવેલ તમામ ખેડૂત મિત્રો ને કીટ વિતરણ કરેલ. અંતમાં, ડૉ. એમ. એમ. પંડયા એ સર્વેનો આભાર વયક્ત કયો હતો.




Touch
Lectern


INFRALAB


Touch
Lectern
INFRALAB












મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
એક દિવસીય તાલીમ કાર્યક્રમ
મરી મસાલા શાકભાજી પાકો : વૈજ્ઞાનિક અભિગમ
તારીખ : ૨૯ જાન્યુઆરી, ૨૦૨૪
સ્થળ: સંશોધન ફાર્મ, મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.